## હરિની દ્રષ્ટિ... - હરિન ભટ્ટ



ભારત પાકિસ્તાનની મેચનાં દિવસે રજાની અરજી અત્યાર થી....!!

# શાહપુરના યુવકનું નદીમાં ડુબી જવાથી મૃત્યું

ગાંધીનગર, તા.૧૨

ગાંધીનગર સાબરમતિ નદીમાં ન્હાવા માટે કુદકો મારનાર શાહપુર ગામના યુવકનો મૃતદેહ ૨ દિવસની ભારે જહેમત બાદ મળી આવ્યો હતો. નદીમાં ઉપરવાસમાંથી પાણી છોડવામાં આવતા નદી બે કાંઠે વહી રહી છે. ત્યારે ઈન્ફોસીટી પોલીસે અકસ્માતે મોતનો ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.મળતી વિગત મુજબ ગાંધીનગર શહેર નજીક થી પસાર થતી સાબરમતિ નદીમાં ઉપરવાસમાં ભારે વરસાદ પડતા પાણી આવ્યું છે. પરંતુ નદીમાં રેતીખનન માફીયા દ્વારા દિવસ રાત રેતી ઉલેચવામાં પાછા પડતા નથી. જેથી નદીમાં ઉંડા ખાડા પડી ગયા છે. ત્યારે વહીવટી તંત્ર દ્વારા નાગરીકોને નદીમાં ન્હાવા માટે મનાઈ ફરમાઈ હોય છે. તેમ છતા કેટલાક નાગરીકો તંત્રના નિયમને ઘોળીને પી જઈને ન્હાવા માટે નદીમાં પડતા હોય છે. ત્યારે નદીના પાણીમાં ન્હાવા માટે પડેલા



યુવકે પણ જીવ ગુમાવવાનો વારો આવ્યો હતો. મળતી વિગત મુજબ શાહપુર ગામનો ચિરાગ પરષોતમભાઈ શેરીસીયાએ પરમ દિવસે ગામ પાસેથી પસાર થતી સાબરમતિ નદીમાં ન્હાવા પડ્યો હતો. પરંતુ યુવક ગણતરીના સમયમાં ઉંડા પાણીમાં ગરકાવ થઈ ગયો હતો.બનાવની જાણ થતા પરિવારજનો સહિત ગ્રામજનો પણ નદી કિનારે દોડી ગયા હતા. જયારે ઘટના સ્થળે ફાયર ટીમના જવાનો પહોંચી જઈને નદીમાં યુવકની શોધખોળ આદરી હતી. પરંતુ મોડીસાંજ સુધી કયાંય પત્તો લાગ્યો ન હતો.ત્યારે નદીના પાણીમાં મૃતદેહ તરતો જોવા મળતા ફાયર ટીમના જવાનોએ મૃતદેહ બહાર નીકાળ્યો હતો. બનાવની જાણ થતા ઈન્ફોસીટી પોલીસ પણ સ્થળ પર પહોંચી ગઈ હતી. યુવકના મૃતદેહનું પીએમ કરાવી અકસ્માતે મોતનો ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

# સેકટર-૨૬ ગ્રીનસીટી બંધ મકાનના તાળા તોડી રૂ.૨.૯૩ લાખની મત્તાની ચોરી

ગાંધીનગર, તા.૧૨

શહેરના સેકટર-૨૬ ગ્રીનસીટી સોસાયટીના બંધ મકાનમાં તસ્કરોએ ત્રાટકી અંદરની સોના-ચાંદીના દાગીના અને રોકડ મળી કુલ રૂ. ૨.૯૨ લાખની મત્તા ચોરીને પલાયન થઈ જતા સેકટર-૨૧ પોલીસે ગુનો નોંધી ચોર શખ્સોને પકડી પાડવા માટે કવાયત હાથ ધરી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ સેકટર-૨૬ ગ્રીનસીટી પ્લોટ નં.જી-૨ માં રહેતા અમિતસિંહ ગણપતસિંહ બારડ જીઆઈડીસી સ્થિત ખાનગી ઈલેકટ્રીક કંપનીમાં છેલ્લા પાંચ વર્ષથી ઈલેકટ્રીકલ કામ કરે છે. તેમના પત્ની બે બાળક સાથે ચેન્નઈમાં રહેતા સંબંધીના ઘરે હોવાથી ગત તા.૩ જી ઓગસ્ટના રોજ સાંજના પાંચ વાગે અમિતસિંહ ઘરને તાળુ મારી ચેન્નઈ જવા માટે રવાના થયા હતા. બાદમાં પરિવારના સભ્યો સૌ સાથે મળીને તિરુપતિ બાલાજી સહિતના અલગ અલગ સ્થળોએ ત્યાં જ રોકાઈ ગયા હતા. ગઈકાલે સાંજના સમયે પરિવાર સાથે અમિતસિંહ ઘરે પરત ફર્યા હતા. ત્યારે ઘરના દરવાજાનો નકુચો તુટેલો જોઈને તેઓ ચોંકી ઉઠ્યા હતા. ઘરમાં જઈ અંદર તપાસ કરતા બેડરૂમમાં રહેલી તિજોરીનો સામાન વેર વિખેર હાલતમાં પડ્યો હતો. તિજોરીમાંથી ચોરી થઈ હોવાનું જાણવા મળ્યું હતું. તેઓએ વધુ તપાસ કરતા તિજોરીમાં સ્ટીલના ડબ્બામાં મુકેલી અઢી તોલાનું સોનાનું મંગળસુત્ર, બે જોડ સોનાની બુટ્ટી, સોનાની પાતળી ચેઈન, બે જોડ અડધાતોલાની ચાંદીની નાની કડીઓ તેમજ રોકડ રૂ.૧૭ હજાર મળી કુલ રૂ.૨.૯૨ લાખની મત્તા ચોરી થવા પામી છે. જયારે ઘટનાની જાણ થતા સેકટર-૨૧ પોલીસના જવાનો સ્થળ પર દોડી આવ્યા હતા.



## લોદરામાં મેડીકલ સ્ટોર્સમાં

# કફ સિરફના નામે કોડેઈન ડ્રગ્સનું વેચાણ કરતો શખ્સ ઝડપાયો

## એસઓજી પોલીસે રૂ.૨.૪૭ લાખની વિવિધ કફ-સિરપની ૧૨૭૪ બોટલ કબ્જે કરી

ગાંધીનગર, તા.૧૨

ગાંધીનગર જિલ્લાના માણસા તાલુકના લોદરા ગામમાં સ્થિત મારૂતિ મેડીકલ એન્ડ જનરલ સ્ટોર્સના ઓથા હેઠળ કફ સિરપના નામે કોડેઈન ડ્રગ્સનું વેચાણ ધમધોકાર ચાલી રહ્યું હતું. ત્યારે એસઓજી પોલીસે કોડેઈન ડ્રગ્સનું વેચાણ કરતા સંચાલકને રૂ.૨.૪૭ લાખની વિવિધ બ્રાન્ડની કફ સિરપની ૧૨૭૪ બોટલ કબ્જે કરી એસઓજી પોલીસે એનડીપીએસ એકટ હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

ગાંધીનગર રેન્જ આઈજી વિરેન્દ્રસિંગ યાદવ અને જિલ્લા પોલીસ વડા રવિ તેજા વાસમશેટ્ટી દ્વારા જિલ્લામાં ગેરકાયદેસર નશાના કારોબાર સામે કડક કાર્યવાહીની સુચના આપી છે. જેને પગલે એસઓજી પીઆઈ વી.ડીવાળાની ટીમને બાતમી મળી હતી કે માણસા તાલુકાના લોદરા ગામમાં શીરપુરા-૩ શેરીમાં રહેતા અશ્વિન સોમાભાઈ ઠક્કર ગામના બસ સ્ટેન્ડ નજીક મારૂતિ મેડીકલ સ્ટોર્સ નામે દવાની દુકાનમાં અને રહેણાંક મકાનમાં ગેરકાયદેસર સીરપનો જથ્થો રાખી નશાનો કારોબાર ચલાવે છે. જેથી બાતમીવાળા સ્ટોર્સ પર પોલીસે રેઈડ પાડી હતી. ત્યાંથી અશ્વિનભાઈ ગોકલાણી હાજર મળી આવ્યો ન હતો. પોલીસે સ્ટોર્સની તપાસ કરતા લાકડના કાઉન્ટ નીચેથી ટ્રીપોલીડાઈન નામની કફ સિરપની ૯૯ બોટલ મળી આવી હતી. જેમાં પ્રાથમિક દ્રષ્ટિએ જ કોડેઈન ડ્રગ્સ હોવાનું જણાઈ આવ્યું હતું. જેથી અશ્વિનની કડકાઈથી પુછપરછ કરતા મેડીકલ સ્ટોર્સનો માલિક અને ફાર્માસિસ્ટ તરીકે પટેલ ઉમાકાંત કાંતિભાઈ (હાલ રહે અમદાવાદ, મુળ રહે લોદરા) હોવાનું કબુલાત કરી અશ્વિન પોતે નોકરી કરતો હોવાનો ખુલાસો કર્યો હતો.ત્યારે અશ્વિનની ઘરની પણ એસઓજી પોલીસે તપાસ કરતા વિવિધ બ્રાન્ડની ૧૨ બોકસ ભરી કફ સિરપની બોટલ મળી આવી હતી. જયારે એસઓજી પોલીસે ફુડ એન્ડ ડ્રગ્સ વિભાગ પાસે પૃથ્થકરણ કરાવતા તેમાં કોડીન ફોસ્ફેટ નામનું નશાકારક દ્રવ્ય હોવાનું સામે આવ્યું હતું. જેથી પોલીસે રૂ.૨.૪૭ લાખની નશાયુકત કફ સિરપની બોટલો, દારૂ, તેમજ રોકડ મળી કુલ રૂ.૨.૫૪ લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો છે.

## ઓમલેન્ડ માર્ક ટ્રસ્ટ સંચાલિત

# ચિલોડા કેપિટલ નર્સિંગ કોલેજના વિદ્યાર્થીઓ દ્વારા કૂકરી દિવસનું આયોજન કરાયું



તારીખ -૧૨/૦૮/૨૩ નાં રોજ ઓમ લેન્ડ માર્ક ટ્રસ્ટ દ્વારા સંચાલિત કેપિટલ નર્સિંગ કૉલેજ માં ભણતા પ્રથમ વર્ષનાં GNM, B.Sc.Nursing અને PB B.Sc. Nursing ના વિદ્યાર્થીઓ દ્વારા કૂકરી દિવસનું (Nutrition Day) આયોજન કર્યું જેમાં ટ્રસ્ટી અશોક રાવલ, નર્સિંગ કોલેજના પ્રિન્સિપાલ રિતેશ જેઠી,સવિતાબા રાવલ હોસ્પિટલ ના ડોકટર નિસર્ગ પટેલ ,ગિરીશ રાવલ સાયન્સ કોલેજના પ્રિન્સિપાલ જલ્પાબેન,ઓમ લેન્ડ માર્ક સ્કુલના પ્રિન્સિપાલ સુનિલ રાવલ, કેપિટલ નર્સિંગ કોલેજના બધા સ્ટાફ ઉપસ્થિતિ માં આ કાર્યક્રમ સફળતાપૂર્વક પુર્ણ કર્યો.

# પુન્દ્રાસણ-ઉવારસદ માર્ગ પરથી ક્રેટાગાડીમાંથી દારૂનો જથ્થો ઝડપાયો

## અડાલજ પોલીસે દારૂ, કાર મળી કુલ રૂ.૭.૩૩ લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો

ગાંધીનગર, તા.૧૨

ગાંધીનગરના પુન્દ્રાસણ-ઉવારસદ માર્ગ પરથી અમદાવાદ તરફ જતી ક્રેટા ગાડીમાંથી અડાલજ પોલીસે રૂ.૧.૩૩ લાખનો વિદેશી દારૂનો જથ્થો ઝડપી પાડી વધુ આગળની તપાસ હાથ ધરી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ ગાંધીનગર રેન્જ આઈજી વિરેન્દ્રસિંગ યાદવ અને જિલ્લા પોલીસવડા રવિ તેજા વાસમશેટ્ટીની સુચના થી અડાલજ પીઆઈ એ.આર.મુછાળની ટીમ જવાનો સાથે ગેરકાયદેસર દારૂની હેરાફેરી રોકવા માટે પેટ્રોલીંગ કરી રહી હતી. ત્યારે અડાલજ પોલીસને બાતમી મળી હતી કે સફેદ કલરની ક્રેટા કારમાં વિદેશી દારૂનો જથ્થો ભરેલો છે અને તે અમદાવાદ તરફ જવાની છે. જેથી પોલીસે પુન્દ્રાસણ-ઉવારસદ માર્ગ પર વોચ ગોઠવી દીધી હતી. બાતમીવાળી દેખાતા પીસીઆઈ વાને ગાડીનો પીછો કર્યો હતો.ત્યારે હનુમાન વડ પાસે ક્રેટા ગાડીમાં પંકચર પડતા ડ્રાઈવર ગાડી મુકીને ભાગી ગયો હતો. ત્યારબાદ ગાડીની તપાસ કરતા પોલીસને અંદરથી વિદેશી દારૂની પેટીઓ મળી આવી હતી.ગાડીને ટોઈંગ કરી પોલીસ મથકે લઈ ગયા હતા. જયાં ગાડીમાંથી ચાર નંબર પ્લેટ અને રૂ.૧.૩૩ લાખનો દારૂનો જથ્થો મળી આવ્યો હતો. અડાલજ પોલીસ કાર અને દારૂ મળી કુલ રૂ.૭.૩૩ લાખનો મુદ્દામાલ કબ્જે કરી આગળની તપાસ હાથ ધરી છે.

# સિવિલમાં મેરી મીટ્ટી મેરા દેશ કાર્યક્રમ યોજાયો



ગાંધીનગર સિવિલ હોસ્પિટલ ખાતે આજે સવારે મેરી મીટ્ટી મેરા દેશ કાર્યક્રમ અન્વયે ગાંધીનગર સિવિલના ડોકટર સ્ટાફ, નર્સિંગ સ્ટાફ, પેરા મેડીકલ સ્ટાફ, વહીવટી સ્ટાફ, સિક્યુરીટી ગાર્ડ, રાજદીપ એજન્સીના કર્મચારીઓને શપથ લેવડાવ્યા હતા. જેમાં દરેક વ્યકિતએ દેશની માટીને હાથમાં લઈ માતૃભુમીના વીરોને યાદ કરી શપથ લીધા હતા.જયારે આ પ્રસંગે સિવિલ સુપ્રિટેન્ડન્ટ ડો.નિયતિબેન લાખાણી સહિત કર્મચારીઓ મોટીસંખ્યામાં હાજર રહ્યા હતા.

# જોયસ કિડ્સ પ્રિ સ્કુલના બાળકોએ એસપી કચેરીની મુલાકાત લીધી



ગાંધીનગર ખાતે સરગાસણ, વાવોલ અને કુડાસણ આવેલી જોયસ કિડ્સ પ્રિ સ્કુલના સંચાલકો દ્વારા પ્રિ સ્કુલના નાના ભુલકાઓને આજે ગાંધીનગર ડીએસપી કચેરી ખાતે લઈ જવામાં આવ્યા હતા. જયાં એસ.પી.રવિ તેજા વાસમશેટ્ટીએ નાના બાળકોને માહિતિ પુરી પાડી હતી. ત્યારે કચેરીની મુલાકાત લઈ બાળકો પણ આનંદિત થઈ ગયા હતા.

# સાયકલ મેયરનો જન્મ દિવસ સાયકલિંગ કરી સાયકલની સીટ પર કેક કાપી મનાવ્યો



ગાંધીનગર, તા.૧૨

ગાંધીનગરમાં 'ગો ગ્રીન ગાંધીનગર' સાયકલિંગ કલબ આવેલી છે. આ કલબમાં ગાંધીનગરના સાયક્લિસ્ટ જોડાય છે અને સાયકલોથોનમાં ભાગ લેવા જાય છે. આ સાયકલ કલબના પ્રેસિડેન્ટ તરીકે પિંકી જહા છે જે અલ્ટ્રા સાયક્લિસ્ટ છે અને ગાંધીનગર શહેરની પ્રથમ સાયક્લિંગ મેયર તરીકેનું સન્માન ધરાવે છે.

ગો ગ્રીન ગાંધીનગરના પ્રેસિડેન્ટ પિંકી જહાનો જન્મ દિવસ સાયક્લિસ્ટ દ્વારા અનોખી રીતે ઉજવવામાં આવ્યો હતો. આ ગ્રૂપના સભ્યો સાયકલિંગ કરી નર્મદા કેનાલ રાઈ ડેમ ખાતે ભેગાં થયાં હતાં. ત્યાં સાયકલ પર જ કેક મુકી બર્થડે વિશ કરીને કેક કાપવામાં આવી હતી. આ સાયક્લિંગમાં વિવેક શાહ, મહેશ રાણા, સંજય થોરાત, ડૉ. મનિષ સુતરીયા, આર્ચિસમેન પરિયા અને નિરજા દરજી હાજર રહ્યાં સાયક્લિસ્ટ દ્વારા ફરજિયાત હેલ્મેટ પહેરી સુરક્ષા માટે અને સેલિબ્રેશન બાદ સ્થળની સ્વચ્છતા કરી દેશ માટે કટિબદ્ધતા બતાવી હતી. ગાંધીનગર સાયકલ મેયર પિંકી જહા ગાંધીનગરની યુવતીઓ માટે સાયકલિંગ અવેરનેસ કાર્યક્રમ પણ આયોજિત કરે છે.

## દહેગામ તાલુકાનાના દેવકરનના મુવાડા ગામે

# પગાર કેન્દ્ર શાળાના નવીન મકાનના ભૂમિપુજનનો કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા.૧૨

દહેગામ તાલુકાના દેવકરણના મુવાડા ગામે પગાર કેન્દ્ર શાળાના નવીન મકાનના ભૂમિપૂજન નો કાર્યક્ર્મ યોજાયો જેમાં બાળકોદ્વારા પ્રાથના કરી દિપ પ્રાગટય કરી સ્વાગત ગીત રજૂ કરી સ્કૂલ દ્વારા મહેમાનો નું સ્વાગત કરવામાં આવ્યું હતું જેમાં દહેગામ ના ધારાસભ્ય બલરાજ સિંહ ચૌહાણ તેમજ જીલ્લા પંચાયત ના ઉપપ્રમુખ ગુણવંત સિંહ ચાવડા તેમજ એ પી એમ સી ચેરમેન સુમેરુ ભાઈ અમીન તેમજ જીલ્લા પંચાયત શિક્ષણ સમિતિ ના ચેરમેન રાજેન્દ્ર સિંહ રાઠોડ તેમજ ભરત સિંહ ઝાલા તેમજ કેતન પટેલ તેમજસરપંચ તેમજ આજુ બાજુ ગામના સરપંચ તેમજ તાલુકા શિક્ષણ અધિકારી મોદી તેમજ દિલીપભાઈ તેમજ ગામના આગેવાનો ની ઉપસ્થિતિમાં કાર્યક્ર્મ યોજાયો






યુવા કાર્યક્રમ અને રમતગમત મંત્રાલય ભારત સરકારના નેહરુ યુવા કેન્દ્ર ગાંધીનગર ના જિલ્લા યુવા અધિકારી શ્રી પંકજ મારેચા સર ના માર્ગદર્શન હેઠળ દહેગામ બ્લોકમાં કેચ ધ રેન પ્રોગ્રામ અંતર્ગત શ્રી ગાયત્રી વિદ્યામંદિર લિહોડા ખાતે પ્રોગ્રામનું આયોજન કરવામાં આવ્યું જેમાં ક્વિઝ સ્પર્ધા અને પોસ્ટલ લોન્ચિંગ અને શાળા ના પ્રિનસીપાલ શ્રી બેચરભાઈ ચૌધરી દ્વારા યુવાનો જોડે જળ સંવાદ કરવામાં આવ્યો . ક્વીઝ સ્પર્ધાના વિજેતાઓને પ્રથમ દ્વિતીય અને તૃતીય ઈનામ આપવામાં આવ્યું અને આ સમગ્ર કાર્યક્રમનું આયોજન અનમોલ ફાઉન્ડેશન ના મેનેજીંગ ટ્રસ્ટી રૂત્વી શાહ દ્વારા કરવામાં આવ્યું.

## સ્વામી વિવેકાનંદ પબ્લિક સ્કૂલ સેક્ટર૨-૨૪ ખાતે મેરી માટી મેરા દેશ અંતર્ગત રેલીનું આયોજન કરવામાં આવ્યું




આજ રોજ સ્વામી વિવેકાનંદ પબ્લિક સ્કૂલ સેક્ટર -૨૪ ખાતે "આઝાદી કા અમૃત મહોત્સવ" નાં ઉજવણી નાં ભાગરૂપે મેરી માટી મેરા દેશ નાં અભિયાન હેઠળ રેલીનું આયોજન કરવામાં આવ્યું હતુંપજેમાં શાળાના બાળકોએ ઉત્સાહ ભેર ભાગ લીધો હતો.. તિરંગા અને વિવિધ નારા સાથે રેલી યોજવામાં આવી હતી..

ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ
ગાંધીનગર સમાચાર
ફોન - ૯૮૭૯૭૯૭૮૮૪
ફોન - ૦૭૯-૨૩૨૨૨૫૭૧



આઝાદી કા અમૃત મહોત્સવ અન્વયે હર..ઘર તિરંગા અભિયાન અન્વયે મહાનગરપાલિકાના વોર્ડ નં -૧૦ માં સે- ૬ સ્થિત અંબાજી મંદિર પાસેના ચોકમાં તિરંગા વિતરણ તેમજ જનજાગૃતિ કાર્યક્રમનુ આયોજન કરવામાં આવ્યુ હતુ. આ તબક્કે શહેર ભાજપના અધ્યક્ષ રૂચિર ભટ્ટ , ધારાસભ્ય રીટાબેન પટેલ સહીત ભાજપના અગ્રણીઓ, નગરસેવકો તેમજ કાર્યકર્તાઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. આ તબક્કે મેયરે સૌને રાષ્ટ્રભકિતની ભાવના સાથે હર ઘર તિરંગા લહેરાવવા માટે જણાંવ્યુ હતુ.